| GJBK060014462025 | દાખલ તારીખઃ | ૨૭/૧૦/૨૦૨૫ | | |
|---|---|---|---|---|
| | રજીસ્ટર્ડ કર્યા તારીખઃ | ૨૭/૧૦/૨૦૨૫ | | |
| | ફેંસલ થયા તારીખઃ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| | સમયગાળો: | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | **૦૦** | **૦૪** | **૧૪** |

---

**દિયોદરના મહે.એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબ શ્રીની કોર્ટમાં, મું દિયોદર.**

---

**ક્રિમીનલ કેસ નંબર–૧૧૮૭/૨૦૨૫**
**આંક.૨૨**

**ફરિયાદી** :– **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** :– **દિનેશભાઈ ડુંગરભાઈ ભેદરૂ(ચૌધરી)**

**રહે.સોની ,જિ.દિયોદર, જિ.બનાસકાંઠા**

**તહોમત :–** પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ, ૧૧૬(૨),૬૬(૧)(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૮૫, મુજબ...

**ફરિયાદપક્ષ તરફે – વિ.એ.પી.પી.શ્રી એસ.આર.બ્રાહ્મણ**
**આરોપી તરફે – વિ.વકીલશ્રી પી.સી.નાઈ**

---

## –: ચુકાદો:–

---

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા.૧૦/૦૮/૨૦૨૫ ના રોજ ક.૧૪/૩૦ વાગે આરોપીએ પોતાના કબજા ભોગવટાની મારૂતી સુઝુકી કંપનીની સ્વીફ્ટ વી.એક્ષ.આઈ.ગાડી જેનો

આર.ટી.ઓ. રજી.નં.જી.જે.૦૮.એ.પી.૨૦૫૮ વાળીમાં ગે.કા. અને અને વગર પાસ પરમીટે દારૂ પી આડી અવળી માનવ જીંદગી જોખમાય તે રીતે રોડ ઉપર ચલાવતા મળી આવી અને તેમાં ગે.કા. અને વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશીદારૂની કુલ બોટલ નંગ.૦૩ કિં.રૂા.૨૭૯/– તથા સ્વીફ્ટ ગાડી કિંમત રૂા.૩,૦૦,૦૦૦/– એમ મળી કુલ મુદામાલ કિ. રૂા.૩,૦૦,૨૭૯/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ આ કામના આરોપીએ **પ્રોહી કલમ–૬૫એએ,૧૧૬(૨),૬૬(૧)(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫** મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે. સદરહું ફરિયાદીની ફરિયાદ આધારે પી.એસ.ઓ. એ ગુનો નોધી, તપાસના અંતે ત.ક.અમલદારે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ, અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને સંમસ કરતાં આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS )ની કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો સોંપવામાં આવેલી અને આરોપી ઉપર આક્ષેપિત ગુના સબબ તહોમતનામું આંક–૦૫ થી ફરમાવતાં આંક–૦૬ થી નિવેદનમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી, ફરિયાદપક્ષે આરોપી સામે કેસ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે આરોપીઓ સામે આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા**

| **અ.નં.** | **પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | ફરિયાદી અરવિંદસિંહ રતુભા આ.પો.કો | ૦૮ |
| (૨) | પંચસાહેદ ભગવાનજી પ્રતાપજી ઠાકોર | ૧૦ |
| (૩) | ત.ક.અધિકારી સુરેશભાઈ રેવાભાઈ | ૧૨ |
| (૪) | પંચસાહેદ સંજયભાઈ ડુંગરભાઈ ઠાકોર | ૧૭ |
| (૫) | ડો.શંકરભાઈ સગરામભાઈ ચૌધરી | ૧૮ |

**દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ | ૦૯ |
| (૨) | પંચનામું | ૧૧ |
| (૩) | સુચિપત્રક | ૧૩ |
| (૪) | રવાનગી પત્રક | ૧૪ |
| (૫) | આધાર કાર્ડની નકલ | ૧૫ |
| (૬) | ગાડીની ચોપડીની નકલ | ૧૬ |
| (૭) | અસલ પોલીસ યાદી | ૧૯ |
| (૮) | ઓળખનું ફોર્મ | ૨૦ |
| (૯) | ફોમ–બી | ૨૧ |

(૪) ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પૂર્ણ થતાં **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧** અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને તેની સામે ખોટો કેસ કરેલ હોવાનુ અને ખોટા કેસમાં ફસાવેલ

હોવાનુ જણાવેલ છે.

(૫) આ કામમાં ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી. શ્રી તથા બચાવપક્ષ તરફે વિ. વકીલશ્રીની દલીલો સાંભળી, ત્યારબાદ આ કામ ચુકાદા માટે મુલતવી રાખવામાં આવેલ છે.

(૬) ફરીયાદ પક્ષના કેસની હકીકત તથા આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનાની જોગવાઈને ધ્યાને લેતાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૦/૦૮/૨૦૨૫ ના રોજ ક.૧૪/૩૦ વાગે આરોપીએ પોતાના કબજા ભોગવટાની મારૂતી સુઝુકી કંપનીની સ્વીફટ વી.એક્ષ.આઈ. ગાડી જેનો આર.ટી.ઓ. રજી.નં. જીજે.૦૮. એપી.૨૦૫૮ વાળીમાં ગે.કા. અને અને વગર પાસ પરમીટે દારૂ પી આડી અવળી માનવ જીંદગી જોખમાય તે રીતે રોડ ઉપર ચલાવતા મળી આવી અને તેમાં ગે.કા. અને વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ બોટલ નંગ.૦૩ કિં.રૂા.૨૭૯/– તથા સ્વીફટ ગાડી કિ. રૂા.૩,૦૦,૦૦૦/– એમ મળી કુલ મુદામાલ કિ.રૂા.૩,૦૦,૨૭૯/– ના મુદૃામાલ સાથે પકડાઈ જઈ આ કામના આરોપીએ પ્રોહી કલમ– ૬૫એએ, ૧૧૬(૨) તથા ૬૬(૧)(બી) અને એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો લક્ષમાં લેતાં ઉપરોકત મુદ્દાના જવાબ નીચે મુજબ આપુ છું.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા</u>** :–

(૮) મુદ્દા નંબર.૧ :–

૮/૧ મુદ્દા નંબર ૧ નું સ્વરૂપ તથા હાલના આરોપી વિરૂધ્ધના આક્ષેપના સ્વરૂપને ધ્યાને લેતા તથા આરોપી સામેના આક્ષેપીત ગુનાની જોગવાઈઓના હાર્દને જોતા હાલના આક્ષેપ મુજબનો બનાવ બનવા પામેલ હોય તેવી બાબત પુરતા અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષના શીરે રહેલ છે. સદરહુ કામે પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો જયાં સુધી નિશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે અને સાથે સાથે એક એવું પણ અનુમાન હોય છે કે, જે સાહેદ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે.પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેનું કાયદામાં કોઈ માર્ગદર્શન આપવામાં આવેલ નથી પરંતુ દરેક કેસના અને હકીકતોના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહેલ છે અને પાયાના સુસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઈને આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૮/૨ આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધિત કાનૂની જોગવાઈ લક્ષમાં લેતાં આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો ફરિયાદપક્ષ દવારા રજૂ કરવામાં આવેલ પુરાવા દવારા સાબિત થયેલ હોય તો આરોપીઓના ગુન્હાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય અગર આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો ફરિયાદ પક્ષ દવારા રજૂ કરવામાં આવેલ પુરાવા દવારા સાબિત થયેલ ન હોય તો આરોપીઓને કસુરવાન ઠેરવી શકાય નહિ. આમ, ફરિયાદપક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુન્હો સાબિત કરે નાસાબિત થયેલાની પ્રક્રિયાએ પુરાવાના મૂલ્યાંકનનો ભાગ છે.

(૯) ફરિયાદપક્ષે રેકર્ડ પર પુરાવો ધ્યાને લેવામાં આવે તો :–

૯/૧ ફરિયાદપક્ષે આંક.૦૮ થી ફરિયાદી અરવિંદસિંહ રતુભા (આ.પો.કો. ) નાઓને તપાસેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૦/૦૮/૨૦૨૫ ના રોજ ૧૫:૧૫ વાગે જાડા ગામ પાસે જેતડા રોડ ઉપર બનેલો. બનાવ સમયે તેઓ દિયોદર પો.સ્ટે.માં આ.પો.કો. તરીકે ફરજ બજાવતા હતા દરમિયાન તા.૧૦/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ પો.સ્ટાફના માણસો સાથે દિયોદર પો.સ્ટે. વિસ્તારના બીટ નં.૩ ના ગામડાઓમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન ફરતા ફરતા જાડા ગામે પાસે આવતાં આ કામના આરોપી જેતડા તરફથી એક સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની સ્વીફટ વીએકસઆઈ ગાડી આડી અવળી ચલાવી આવતા હોય, રોકી જોતા, આ કામના આરોપી કેફી પીણું પીધેલ જણાઈ આવેલ. જેથી સાથેના અ.હે.કો નાઓએ નજીકમાંથી બે પંચોને બોલાવી, તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો પંચો સાથે આ કામના આરોપીનું નામ ઠામ પૂછતાં દીનેશભાઈ ડુંગરાભાઈ ભેદરૂ(ચૌધરી) હોવાનું જણાવેલ તથા

આરોપીનું મોઢું સું ઘી સુંઘાડી જોતા દારૂ પીઘેલાની વાસ આવતી હતી, આંખો નશાથી ઘેરાયેલી લાલ, અને પોતાની શરીર સ્થિતિનું ભાન રાખી શકતો ન હોવાનું જણાતા હોઈ, જેથી, આરોપી પાસે નશાયુકત હાલતમાં ગાડી ચલાવવા બાબતે પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ તથા ડ્રાઈવર સાઈડ બાજુની ડીકી ખોલાવી જોતાં તેમાંથી ભારતીય બનાવટની કુલ બોટલ નંગ –૩ કિં.રૂા.૨૭૯ નો પ્રોહી મુદામાલ ગે.કા. અને વગર પાસ પરમીટનો સીલબંઘ હાલતમાં મળી આવેલ. જે પ્રોહી મુદૃામાલ વિદેશી દારૂ તથા સ્વીફ્ટ ગાડી નં .જીજે.૦૮.એપી.૨૦૫૮ કિં. રૂા.૩,૦૦,૦૦૦/– ગણી પંચો રૂબરૂ પંચનામાની વિગતે વિગતવારનું પંચનામું તા.૧૦/૦૮/૨૦૨૫ ના ક.૧૪:૩૦ થી ૧૫:૩૦ સુધી અ.હે.કો. સુરેશભાઈ રેવાભાઈ નાએ પંચોના લખાવ્યા મુજબ નોંધી લીઘેલ. જે સદર બનાવ બાબતે તેઓએ આરોપી વિરૂઘ્ઘ **પ્રોહી એકટની કલમ–૬૫એએ, ૧૧૬(૨), ૬૬(૧)(બી)** તથા **એમ.વી.એકટની કલમ ૧૮૫** મુજબ શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલી.

– ત્યારબાદ, બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરતાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે,પકડાયેલ ઈસમની ઓળખ અંગેના કોઈ આઘાર પુરાવા મારી હાજરીમાં કબ્જે લેવામાં આવેલ નથી. વઘુમાં સ્વીકારેલ છે કે,ગાડીની માલીકી અંગેના કોઈ આઘાર પુરાવા કબજે લેવામાં આવેલ નથી.

૯/૨ ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે **આંક.૧૦ થી પંચ ભગવાનજી પ્રતાપજી ઠાકોર તથા આંક.૧૭ થી પંચ સંજયભાઈ ડુંગરભાઈ ઠાકોર**ને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસેલ છે. આ પંચસાહેદોની જુબાની વંચાણ લેતાં, તેઓએ મુખ્યત્વે

જણાવેલ છે કે, પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકત રેકર્ડ પર રજૂ થયેલ છે. આ પંચસાહેદો પંચનામાની વિગતમાં પંચનામામાં શું લખેલું ? તે વિશે તેઓ કાંઈ જાણતા નથી કે જણાવતા નથી. પંચસાહેદો માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. પંચનામામાં વિશેષ કોઈ પુરાવો આપેલ નથી. જેથી, તેઓ બંને પંચસાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ અદાલતની પરવાનગી મેળવી પંચસાહેદોની ઉલટતપાસ કરી સુચક સવાલો પુછેલ છે, પરંતુ ઉલટ તપાસમાં તેઓશ્રી એવી કોઈ ફળદાયી વિગતો બહાર કઢાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર પંચસાહેદોએ **આંક.૧૧** ના પંચનામાની હકીકતોને સમર્થન કે અનુમોદન આપેલ ન હોય, સદર પંચસાહેદોની જુબાનીઓ ઉપરથી પંચનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર થયેલ નથી.

૯/૩ વધુમાં, આ કામે **આંક.૧૨ થી ત.ક.અધિકારી** સુરેશભાઈ રેવાભાઇને તપાસેલ છે. બનાવ તા. ૧૦/૦૮/૨૦૨૫ ના રોજ જેતડા રોડ ઉપર બનેલો.બનાવ સમયે તેઓ ફરિયાદી સાથે સદરહું રેડમાં સાથે સામયેલ હતા, અને તેઓ તથા પોલીસ સ્ટાફ તથા પંચોની હાજરીમાં આ કામના આરોપી પીધેલી હાલતમાં ગાડી આડી અવળી ચલાવી આવતા હોય, આ કામના આરોપીની ગાડીમાં જોતાં આ કામના આરોપીના જાત કબજામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ.૩, કિં. રૂા.૨૭૯/–નો પ્રોહી મુદામાલ સીલબંધ હાલતમાં ગે.કા. અને વગર પાસ પરમીટનો પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લઈ તે અંગેનું વિગતવારનું પંચનામું તેઓએ તા.૧૦/૦૮/૨૦૨૫ ના રોજ પંચોના

લખાવ્યા મુજબ લખી લીધેલું. ત્યારબાદ સદર ગુનાની ફરિયાદીએ **પ્રોહી એકટની કલમ–૬૫એએ,૧૧૬(૨), ૬૬(૧)(બી) તથા એમ. વી. એકટની કલમ ૧૮૫** મુજબ ફરિયાદ આપેલ તથા ફરિયાદ આપતી વખતે સેમ્પલ, પંચનામું, તથા અન્ય મુદ્દામાલ પી.એસ.ઓ. સમક્ષ જમા કરાવેલ. જે મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ થવા સારૂ ડેપ્યુટ થતાં સદર ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલી. જે સદર ગુનાના કામે મુદ્દામાલ રવાનગી નોંધથી પરીક્ષણ અર્થે મોકલાવેલ જે રવાનગી નોંધ રેકર્ડે રજૂ છે. ત્યારબાદ આ કામના આરોપીના સ્વીફ્ટ ગાડીની આર.સી.બુકની નકલ તપાસના કામે કબજે લીધેલ. ત્યારબાદ આરોપીનાં બ્લડમાં આલ્કોહોલનું પ્રમાણ જાણવા સારૂ બ્લડ સેમ્પલ સી.એચ.સી. તરફ મોકલી આપેલ. ત્યારબાદ મેડીકલ ઓફીસર દ્વારા આ કામના આરોપીનું બ્લડ સેમ્પલ લઈ પરત મોકલી આપેલ. ત્યારબાદ આ કામના આરોપીને મુદત અંદર નામદાર કોર્ટમાં રજૂ કરી, આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતો ચાર્જશીટ કરેલ છે

– વધુમાં, બચાવપક્ષે કરાયેલ ઉલટ તપાસમાં ત.ક.અમલદાર સ્વીકારી ગયેલ છે કે,અમારી પાસે બ્લડ સેમ્પલનો રીપોર્ટ આવેલ નથી તથા મુદ્દામાલ પરીક્ષણનો અહેવાલ પણ આવેલ નથી.

૯/૪ ફરિયાદપક્ષે **આંક.૧૮ થી મેડીકલ ઓફીસર** ડૉ.શંકરભાઈ સગરામભાઈ ચૌદરી તપાસેલ છે. જેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ૨૦૨૫ ની સાલમાં દિયોદર રેફરલ મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા, દરમ્યાન તા.૧૦/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના ક.૫:૨૦ વાગ્યે આ કામના આરોપી પોલીસ યાદી સાથે તથા પો.કો. સાથે તેનું બ્લડ સેમ્પલ લઈ બ્લડમાં રહેલ આલ્કોહોલનું

પ્રમાણ જાણવા તેઓની સમક્ષ ગયેલા. આરોપીને તપાસતા, શ્વાસમાં આલ્કોહોલની વાસ આવતી હતી,ભાષા અસભ્ય હતી, ચાલ લથડાતી હતી, આંખની કીકી પહોળી હતી. ત્યારબાદ આ કામના આરોપીનું બ્લડ સેમ્પલ લઈ વૈજ્ઞાનિક પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ. તેઓના અભિપ્રાય પ્રમાણે આરોપીએ આલ્કોહોલ લીધો હતો અને આ કામના આરોપી આલ્કોહોલની અસર તળે હતા. ત્યારબાદ તેઓએ તપાસણી બાબતે ફોર્મ નં.એ માં વિગતો ભરેલ. જેમાં લખેલી વિગતો કેસ પેપર્સના આધાર તેઓએ લખેલ. જેમાં તેઓ પોતાની સહી સીકકો ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓએ બ્લડ સ ેમ્પલ એફ.એસ.એલ. તરફ ફોર્મ–બી સાથે મોકલી આપેલ. જે તેઓએ રજુ કરેલ છે. જેમાં તેઓ પોતાનો સહી સીકકો ઓળખી બતાવે છે તથા તેમાં તેઓના હોસ્પિટલનો સીલ છે.

– બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા આ સાહેદની ઉલટતપાસ કરતાં તેઓએ સ્વીકારેલ છે કે, કોઈપણ વ્યકિતના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ કેટલું છે તે વૈજ્ઞાનિક પૃથ્થકરણના અહેવાલ ધ્વારા જ જણાવી શકાય તથા આ કામે પૃથ્થકરણના અહેવાલ આવેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, વ્યકિત બીમાર હોય અને તેને અશકિત હોય તો પણ તેની ચાલ લથડાતી હોઈ શકે.વ્યકિતને વધારે પ્રમાણમાં શરદી અને ખાંસી થઈ હોય તો વધારે પડતી ઉધરસ ખાવાથી પણ તેની આંખોની કીકી લાલ અને પહોળી થયેલ હોઈ શકે. કેટલાક પ્રકારના ખાટા ફળો તથા કેટલાક પ્રકારની દવાઓ ખાવાથી પણ વ્યકિતના મોઢ ામાંથી આલ્કોહોલ જેવી વાસ આવી શકે. ફોર્મ–'એ' માં લોહીનો નમુનો મેળવવા માટે લાવેલ વ્યકિતની ઓળખ ચીન્હની કોઈ નોધ કરેલ નથી. તથા એન્ટી કોગ્યુલન્ટ અને પ્રીઝરેટીવની માત્રામાં ફરક

જણાય તો વૈજ્ઞાનિક પૃથ્થકરણમાં ફરક આવી શકે. તેઓએ સ્વીકારેલ છે કે, ફોર્મ–'એ' માં દીનેશભાઈ લઈ આવનાર પોલીસ કોન્સ્ટેબલનું નામ કે, હોદો લખેલ નથી. તથા બકકલ નંબર લખેલ છે.

– તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, આરોપીનો લોહીનો નમુનો લેતી વખતે તેઓએ નિયત પ્રક્રિયા કરેલ નથી તથા તેઓના હોસ્પિટલમાં રહેલી દવાઓ તથા દવાઓની બોટલોમાં આલ્કોહોલની માત્રા હોય છે. લોહીનો નમુનો લેતી વખતે તેઓએ સ્ટાફ નર્સ તથા પટાવાળાની મદદ લીધેલી તથા વાયલનો ઉપયોગ કરવા બાબતેનું કોઈ રજીસ્ટર તેઓની ઓફીસમાં નિભાવવામાં આવતું નથી.

(૧૦) ફરિયાદપક્ષે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં પોલીસે સાહેદોના પુરાવા મુજબ બનાવ સ્થળે આરોપી નશાયુકત હાલતમાં વાહન ચલાવતો મળી આવેલ અને પંચો રૂબરૂ આરોપીની શરીરસ્થિતિનું પંચનામું કરેલ તેવી હકીકત જણાવેલ છે. પરંતુ, પંચસાહેદોએ અત્રે રજૂ આરોપીની શરીરસ્થિતિના પંચનામાને સમર્થન આપેલ નથી અને પંચનામાની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. જેથી પંચસાહેદોની હાજરીમાં આરોપી દારૂ પીધેલ હાલતમાં વાહન ચલાવતા મળી આવેલ હોય અને પોલીસે આ પંચસાહેદોની હાજરીમાં તેનું પંચનામું કરેલ તે હકીકત સાબિત થઈ શકતી નથી. વધુમાં આ પોલીસ સાહેદો હિત ધરાવતા સાહેદો જેઓ આ કામે ફરિયાદી તથા ત.ક.અધિકારી છે અને બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે તેવો ફરિયાદપક્ષનો પુરાવો છે તેમ છતાં, ત.ક.અમલદારે કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો લીધેલ હોય, કે ફરિયાદપક્ષે તેવા કોઈ તટસ્થ સાહેદોનો મૌખિક પુરાવો રજૂ કરેલ હોય તેવું રેકર્ડ જોતાં જણાતું

નથી પરંતુ, આરોપીની શરીરસ્થિતિનું પંચનામું કરી પો.સ.ઈ. સાહેબે કાયદેસર થવા આગળની કાર્યવાહી કરેલી તેવી હકીકત માત્ર જણાવેલ છે તથા ત.ક.અધિકારી સ્પષ્ટપણે સ્વીકારી ગયેલ છે કે, અમારી પાસે બ્લડ સેમ્પલનો રીપોર્ટ આવેલ નથી તથા મુદ્દામાલ પરીક્ષણનો અહેવાલ પણ આવેલ નથી.

(૧૧) વધુમાં, ડોકટર સાહેદના પુરાવા મુજબ તેઓએ આરોપીનું બ્લડ સેમ્પલ લઈ આરોપી આલ્કોહોલની અસર તળે હતા તેવું સર્ટીફીકેટ આપેલ છે અને આરોપીનુ બ્લડ સેમ્પલ કાયદેસરની કાર્યવાહી કરી સીલબંધ કરી એફ.એસ.એલ.ને મોકલી આપેલ. જે બ્લડ સેમ્પલ એફ.એસ.એલ.કચેરીને મોકલવાની કાર્યવાહી કરતી વખતે પ્રોહી.ના કાયદાની જોગવાઈ મુજબ ફોર્મ–બી રવાનગી નોંધ તૈયાર કરી સંપૂર્ણ વિગતો સહિત એફ.એસ.એલ.ને બ્લડ સેમ્પલ મોકલવાનુ રહે છે. વધુમાં, ડોકટર સાહેદનો પુરાવો જોતાં આરોપીનું બ્લડ સેમ્પલ લેવા માટે તથા આરોપીના બ્લડમાં આલ્કોહોલની હાજરી અંગે તપાસણી કરાવવા પો.સ્ટે. બ.નં. ૧૩૭૧ ના પો.કો. ડોકટર પાસે તેઓનું બ્લડ સેમ્પલ મેળવી, તેના બ્લડમાં રહેલ આલ્કોહોલની માત્રા જાણવા સારૂ પૃથ્થકરણ કરવા સારૂ તેઓ સમક્ષ લાવેલા તથા રેકર્ડ પર રજૂ ડો.સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ લોહીનો નમૂનો લીધેલ છે પરંતુ કોઈ તારીખ જણાવેલ નથી. વધુમાં આ કામે કોઈ પૃથ્થકરણ થઈ અહેવાલ રજૂ કરાખેલ નથી. માત્ર ફોર્મ 'બી' રજૂ રાખેલ છે. જેથી આરોપીના બ્લડમાં આલ્કોહોલની માત્રા કેટલી હતી તે હકકીત સ્પષ્ટપણે જણાવી શકેલ નથી. તથા આ કામે પૃથ્થકરણ કરી, એફ.એસ.એલ રીપોર્ટ રજૂ રાખેલ નથી. વધુમાં ફોર્મ 'બી' જે રજૂ છે તેમાં

પણ કઈ તારીખે મોકલાવેલ તે બાબતે પણ છેકછાક હોય શંકા ઉદભવે છે. વધુમાં, કાયદાની જોગવાઈ મુજબ બ્લડ સેમ્પલ લીધાના ૭ દિવસની અંદર બ્લડ સેમ્પલ એફ.એસ.એલ. કચેરીને પહોંચવા ફરજિયાત છે અને આરોપીએ નશો કરેલ હોવાનું સાબિત કરવું જરૂરી છે. પરંતુ, આ કામે પૃથ્થકરણ કરી એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ રાખેલ નથી. જેથી, ફરિયાદપક્ષનો પુરાવો જોતાં પરિણામની વિશ્વસનિયતા, સત્યતા અને યથાર્થતા અંગે આ અદાલતને શંકા ઉદભવે છે.

(૧૨) ફરીયાદ પક્ષ ધ્વારા રજુ દસ્તાવેજી પુરાવો તથા મૌખિક પુરાવો ધ્યાને લેતાં અત્રે જણાવવુ આવશ્યક છે કે, હાલના તહોમતદાર સામે એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે. આ તબકકે એમ.વી.એકટની કલમ ૧૮૫ ની કાનુની જોગવાઈ અત્રે ટાંકવી મને આવશ્યક જણાતી હોય, જે મે નીચે મુજબ ટાંકેલ છે.

– ' જયારે કોઈપણ વ્યકિત મોટર વાહન હંકારતા હોય યા હાંકવાનો પ્રયત્ન કરતા હોય ત્યારે ટેનાલાઈજર ના પરીક્ષણ ધ્વારા તેના લોહીમાં આલ્કોહોલની ઠરાવેલ માત્રા કરતાં વધુ પ્રમાણમાં માત્રા જણાઈ આવે તો, અથવા તો પોતે વાહન હંકારતા હોય ત્યારે વાહન ઉપરનો યોગ્ય કાબુ મેળવવા અશકત હોય તેટલી હદ સુધી આલ્કોહોલ લીધેલાની અસર તળે હોય તો તેવા આક્ષેપિત ગુના સબંધે ૬ માસની સજા થઈ શકે તે અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. ''

– જયારે તહોમતદાર સામે એમ.વી.એકટની કલમ–૧૮૫ ના આક્ષેપ હોય ત્યારે **એમ.વી.એકટની કલમ–૨૦૨(૧) માં** જણાવ્યા મુજબ તે વ્યકિતની ધરપકડના બે કલાકમાં રજીસ્ટ્રર્ડ મેડીકલ પ્રેકટીશ્નર સમક્ષ રજુ કરવાનો રહે છે અને કલમ–૨૦૩ અને ૨૦૪ માં જણાવ્યા

મુજબ ડોકટરશ્રીએ તેની તપાસ કરવી જોઈએ તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. એમ.વી.એકટની કલમ–૨૦૩ મુજબ શ્વાસ પરીક્ષણ જયારે એમ.વી.એકટની કલમ–૨૦૪ મુજબ પ્રયોગશાળાની કસોટી અંગે જોગવાઈ કરવામાં આવેલ છે.

અત્રે જણાવવુ આવશ્યક છે કે ફરીયાદીનો પુરાવો ઘ્યાને લેતાં તેની ફરીયાદમાં જણાવ્યા મુજબ બે પંચોના માણસો બોલાવી આરોપીનુ મોઢું સુંઘી સુંઘાડતાં ખાતરી કરતાં દારૂ પીધેલાની પુષ્કળ વાસ આવતી હોવાનું જણાવેલ છે. ફરીયાદીનો પુરાવો ઘ્યાને લેતાં એમ.વી.એકટની કલમ–૨૦૩ માં જણાવ્યા મુજબ શ્વાસ પરીક્ષણનો ટેસ્ટ કરાવેલ હોવાનું ફલિત થતું નથી. જયારે તહોમતદાર સામે એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનો આક્ષેપ હોય ત્યારે એમ.વી. એકટની કલમ–૨૦૩ મુજબ તેનુ શ્વાસ પરીક્ષણ કરાવવુ આવશ્યક છે, અને જે ગુનો બન્યા પછી તરત જ કરાવવુ જોઈએ તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ શ્વાસ પરીક્ષણ, લોહીનો પૃથ્થકરણ(એફ.એસ.એલ.) રીપોર્ટ પણ રજુ થયેલ નથી. જેથી આરોપીના લોહીમાં આલ્કોહોલ હતો કે કેમ ? તે હકીકત ફલીત થયેલ નથી.

– વધુમાં આ કામે ચાર્જશીટના કાગળો જોવામાં આવે તો આ કામે તપાસ કરનાર અમલદારશ્રીની જુબાની દરમિયાન રજુ થયેલ આંક –૨૦ ના મેડીકલ તપાસણીના ફોર્મ 'એ' ની નકલોને ઘ્યાને લેવામાં આવે તો મેડીકલ ઓફીસર શ્રીએ આ કામના આરોપીને તા.૧૦/૦૮/૨૦૨૫ ના રોજ સાંજે ક.૫:૨૦ વાગ્યે તપાસેલ હોવાનું જણાઈ આવે છે. અને મેડીકલ ઓફીસરે તે જ દિવસે આરોપીઓનું બ્લડ સેમ્પલ લઈ તેઓએ પોતાનો અભિપ્રાય આપેલ છે કે, આરોપીએ લીધો હતો.

તે આલ્કોહોલની અસર તળે હતા. તેઓના શ્વાસમાં આલ્કોહોલની વાસ આવતી હતી. તેઓની ભાષા અસભ્ય હતી. ચાલ લથડતી હતી. આંખની કીકી પહોળી હતી.ત્યારબાદ મેડીકલ ઓફીસર દ્વારા આરોપીના બ્લડ સેમ્પલને ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં મોકલેલ હોય. તા.૧૪/૦૮/૨૦૨૫ ના રોજ ચાર દિવસ બાદ ફોર્મ 'બી' મોકલ ેલ છે. જે આંક–૨૧ થી રજુ છે. જેથી **બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ ૪ ની** જોગવાઈનું પાલન થયેલ છે.

(૧૩) વધુમાં, પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨) ને ધ્યાને લેવામાં આવે તો તેમાં ઈંગ્લીશ દારૂ હતો તેવું અનુમાન સાબિત કરવા માટે ઉત્પાદકનો કોઈ જવાબ પણ ત.ક.અધિકારી શ્રીએ લીધેલ હોવવનું રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં અત્રેની અદાલત નામદાર ગુજરાત હાઈકોર્ટના ***<u>ગુલાબભાઈ રણછોડભાઈ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>*** ના કેસમાં **<u>૧૯૯૨(૨) જી.એલ.એચ. (યુ.જે) પાના નં.૧૧</u>** ઉપર પ્રસિદધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખે છે કે, જેમાં એવો સિદધાંત પ્રતિપાદિત કરેલ છે કે, ''જયારે પ્રોસીકયુશન તરફે ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ ન હોય કે લેબલની ખરાઈ કરેલ ન હોય તે સંજોગોમાં પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨) મુજબ અનુમાન થઈ શકે નહિ અને તેથી આરોપીને સજા કરી શકાય નહિ.'' હાલના કેસની હકીકતોને પણ ધ્યાને લેવામાં આવે તો ત.ક.અધિકારી શ્રીએ મુદ્દામાલ ઈંગ્લીશ દારૂ બાબતે તેના ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ હોવાની હકકીત રેકર્ડ ઉપર આવેલ નથી કે તે બોટલ સીલબંધ હોવા છતાં તેના સીલ અંગેની કોઈ સરખામણી પણ કરેલ હોવાની હકકીત ફરિયાદપક્ષે રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

તે સંજોગોમાં ઉપરોકત નામદાર વડી અદાલતના ચુકાદાના આધારે પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨)નું અનુમાન થઈ શકે નહિ તેમ સ્પષ્ટ ઠરાવેલ હોય અને આ કામે ઉપરોકત રજૂ થયેલ પુરાવો જોતાં મુદ્દામાલ રીકવરી અંગેના પંચસાહેદોએ મુદ્દામાલ રીકવરી અંગેના પંચનામાની હકકીતોને સમર્થન કે અનુમોદન આપેલ નથી કે આ કામે ઉત્પાદકનો પણ કોઈ જવાબ લેવામાં આવેલ નથી કે તેઓને હોના કામે તપાસવામાં આવેલ ન હોય પુરતા પુરાવાનો અભાવ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

(૧૪) આમ આ કામે તમામ હકીકતો અને સંજોગો તેમજ રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનું એકબીજા સાથે સાંકળીને તેમજ સ્વતંત્રપણે પણ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ ઘ્વારા આરોપીના બ્લડ સેમ્પલની કાર્યવાહી દરમ્યાન આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરેલ ન હોવાનું જણાઈ આવેલ હોઈ અને બચાવપક્ષ પોતાના ઉપરનો સાબીતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર તબદીલ કરી શકેલ હોઈ આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી ફરિયાદપક્ષ આરોપી વિરૂઘ્ધનો પોતાની ફરજ દરમિયાન દારૂ પીઘેલ હોવાની ફરિયાદની હકીકતો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. આ સંદર્ભે અત્રેની અદાલત નામદાર બોમ્બે હાઈકોર્ટના **<u>સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ</u>** ના કેસમાં ૧૯૭૯ ક્રિમીનલ લો રીપોર્ટર મહારાષ્ટ્ર ૪૨૧ ઉપર પ્રસિઘ્ઘ થયેલ ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે,''જયારે પંચ સાહેદ ઘ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરિયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહીં''. હાલના કામે ફરિયાદપક્ષ ઘ્વારા આરોપીને દારૂ પીઘેલ હાલતમાં પકડેલ હોય

અને તેઓની રૂબરૂમાં પંચનામું કરી આરોપીઓને અટક કરેલ હોવા બાબતનું પંચનામું કરવામાં આવેલ છે પરંતુ, સ્વતંત્ર પંચ સાહેદોની સોગંદ ઉપરની જુબાનીઓ ઉપરથી ફરિયાદપક્ષ સદર પંચનામાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તે સંજોગોમાં ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને રાખતા, આ કામે પોલીસ સાહેદોના પુરાવાનું કોઈ વિશેષ મુલ્ય રહેતું નથી. વધુમાં , સદર કામે મેડીકલ ઓફીસરશ્રીએ આરોપીનું બ્લડ સેમ્પલ લીધેલ છે. પરંતુ ત.ક. અધિકારીશ્રી ધ્વારા એફ.એસ.એલ. રીપોર્ટ આ કામે રજૂ કરેલ નથી. વધુમાં આ કામે પંચસાહેદોના પુરાવામાં પણ તેઓની હાજરીમાં પંચનામા થયેલ હોય તેવી હકીકત સ્પષ્ટ થતી નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ હોાવની હકીકત જણાવેલ છે. ત્યારે ખરેખર ત.ક. અધિકારીશ્રીની કામગીરી ઉપર શંકા ઉત્પન્ન થાય છે. આમ આરોપીને પોતાની ફરજ દરમિયાન દારૂ પીધેલ હાલતમાં પકડેલ હોય અને દારૂ પીને વાહન ચલાવેલ હોવાની ફરીયાદની હકીકતને ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. અને તે સંજોગોમાં આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ સજાને પાત્ર ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર હોઈ આરોપીને સજા થઈ શકે નહી તેમ મારૂ માનવું છે અને તે સંજોગોમાં મુદ્દા નં.(૧) નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.(૨) પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNNS)નીકલમ–૨૭૧(૧)

અન્વયે આ કામના આરોપી **દિનેશભાઈ ડુંગરભાઈ ભેદરૂ (ચૌધરી)** નાઓને પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ, ૧૧૬(૨),૬૬(૧)(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૮૫, મુજબના સજાને પાત્ર ગુના માંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS)ની કલમ–૪૮૧(૧) ની જોગવાઈઓ અન્વયે દરેક આરોપીએ રૂ.૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી હાલના કામે અપીલ સમય દરમ્યાન તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરેલ મુદ્દામાલ સ્વીફ્ટ ગાડી અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ બીનશરતી કાયમ રાખવો. જો આવો કોઈ હુકમ કરવામાં આવેલ ના હોય તો સદર મુદ્દામાલના મૂળમાલિકની ખરાઈ કરી ત.ક. અધિકારી શ્રીએ સદર મુદ્દામાલ તેના મૂળ માલિકને પરત કરવો.

(૪) આ કામે કબજે કરેલ મુદ્દામાલ વિદેશીદારૂ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દિયોદર
તારીખ:૧૦/૦૩/૨૦૨૬

(રાજેન્દ્ર ઘનશ્યામભાઈ બારોટ)
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
દિયોદર, બનાસકાંઠા.
કોડનં.જીજે.૦૦૫૭૨